VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

# સામાજિક સમરસતામાં સંત સાહિત્યનું પ્રદાન

## હાર્દિક પરેશભાઈ જોષીપુરા

રીસર્ચ સ્કોલર
ગુજરાતી વિભાગ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

### પરિચય અને પ્રમાણ:-

ધર્મસંસ્કૃતિના ઉત્કૃષ્ટ આદર્શો, વૈદિક વિચારોનો ભવ્ય વારસો તથા ભકિત, સેવા, અને સમર્પણનો ત્રિવિધ અમૃતપ્રવાહ માનવજીવનને પાવન કરતો રહે તે માટે સંતજનોનું સાહિત્ય અમૂલ્ય યોગદાન ઉપકારક છે. સમતા, ક્ષમા, કરુણા, અહિંસા, અપરિગ્રહ, સત્ય, તિતિક્ષા, પરોપકાર, પ્રેમ ઈત્યાદિ સદ્દમૂલ્યોના આચરણ દ્વારા સંતો માંથી નીપજતું સાહિત્ય માનવતાની મહેંક પ્રસરાવનાર છે. આથી જ સંતજનો સાક્ષાત તીર્થરાજ સમા છે. તેઓનું સાહિત્ય માનવને ધર્માભિમુખ કરીને તથા સ્વકર્તવ્યનું ભાન કરાવીને આધ્યાત્મિક ઉન્નતિ દ્વારા દિવ્ય જીવન તરફ લઈ જઈ માનવને મહાવીર બનાવે છે. સંતસાહિત્ય વગરની પૃથ્વીની કલ્પના કરવી એ પ્રાણ વિનાના દેહની કલ્પના બરાબર છે. ભૌતિક પ્રગતિ અને વૈજ્ઞાનિક શોધખોળો આપણને મૃગજળ સમું આભાસી સુખ તથા સગવડ આપી શકશે પરંતુ સદ્વાંચન, સદ્વિચાર, સદ્આચાર, સદ્ચિંતન, અને સદ્લેખન આપણને સહુને શાશ્વત સુખ અને અલૌકિક શાંતિની પ્રાપ્તિ અર્થે સંતસાહિત્ય માંથી પ્રેરણાના દિવ્ય પુષ્પો મળી રહે છે.

ભારતીય ચિંતનધારા શરૂઆતથી જ જિજ્ઞાસા પ્રધાન રહી છે. સાધના, ભકિત અને જ્ઞાન શાશ્વત છે. સાધનાથી ભકિત, ભકિતથી અનુભૂતિ અને અનુભૂતિથી જ્ઞાનની સિદ્ધિ થાય છે. આપણાં સંતો અને ઋષિમુનિઓએ તપ, તેજ દ્વારા સમષ્ટિના કલ્યાણ માટે મોક્ષદાત્રી ભકિતનું અમૂલ્ય સાધન પ્રદાન કર્યું છે. સુર્ષ્ટિના ઉદ્દગમથી આજદિન સુધી ધર્મ માનવજીવનનાં એક અનિવાર્ય અંગ તરીકે રહ્યો છે. ધર્મવિહોણી પ્રજા કે ધર્મવિહોણું સાહિત્ય શોધવું કપરું છે.

સદ્સાહિત્ય તેમજ સાત્વિક વિચારધારા અને લેખનસામગ્રી માનવના વ્યકિતગત તેમજ સામાજિક જીવનમાં ક્રાંતિ લાવનાર અગત્યનું માધ્યમ છે. વ્યકિતગત જીવનમાં, સામાજિક જીવનમાં અને રાષ્ટ્રીય જીવનમાં જાગૃતિ, સદ્પરિણામ તેમજ સદ્પરિવર્તન લાવવામાં સાહિત્યસૌષ્ઠવ પ્રબળ અંગ છે. સમાજજીવનને પુષ્ટ, ઊર્ધ્વગામી, દિવ્ય, પ્રેરણાત્મક, ભાવવાહી, હર્યું-ભર્યું, સૌંદર્યસભર બનાવવા માટે ઉત્કૃષ્ટ સાહિત્ય સર્જન અને તેનું સતત પ્રસારણ એ અમૂલ્ય ઔષધિ છે તથા વર્તમાન સમાજના વિવિધ પ્રશ્નોનો અને સળગતી સમસ્યાઓનો રામબાણ ઈલાજ છે. સદ્સાહિત્ય તથા સાત્વિક સાહિત્યપ્રકાશથી માનવીના વિચારો બદલાય છે, વિચારોથી માનવ બદલાય છે, માનવ સમાજ બદલે છે, સમાજ સમગ્ર વિશ્વને બદલાવે છે. સાત્વિક સાહિત્ય વાંચન સૂતેલાને બેઠો, બેઠેલાને ચાલતો, ચાલનારે દોડતો અને દોડનારમાં જીવંત પ્રેરણા પૂરીને સન્માર્ગ તરફ દોરી જઈને સત્યાર્થનું અલૌકિક દર્શન કરાવે છે. આમ, સત્વશીલ સાહિત્યનું પ્રકાશન, વાંચન, પ્રસારણ, અનુસરણ વગેરે સાંપ્રત ભૌતિક સમયના સંદર્ભમાં નોધંપાત્ર બાબત છે. સંતસાહિત્ય અલૌકિક આધ્યાત્મિક બળ આપે છે, દિવ્ય અને સાત્વિક દૃષ્ટિ અર્પે છે. વિશુદ્ધ વિચારો તેમજ પ્રેરણાત્મક સંદેશાઓનો ખજાનો અર્પે છે. પ્રેરણા અને માર્ગદર્શનનો પંથ બતાવે છે, તથા અણમોલ તત્વોનું દાન કરે છે જેથી સમાજપરિવર્તન સુલભ બને છે તેમજ આત્મા સાથે દિવ્યાત્માનું મિલન સધાય છે.

સંતોના સાહિત્યમાંથી એવી દિવ્ય પ્રેરણા મળે છે કે તેમાં, લોકોની ઘૃણા રહેલી છે ત્યાં પ્રેમ વાવે છે, શંકા છે ત્યાં શ્રધ્ધા નિર્માણ કરે છે. નિરાશા છે ત્યાં આશા પ્રગટાવે છે. તિમિર છે ત્યાં જયોતિ ફેલાવે છે. દુ:ખ છે ત્યાં સુખનું સર્જન કરે છે. દ્વેષ

http://vidyajournal.org

VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

છે ત્યાં ભલાઈનું ઉદ્દીપન કરે છે. વિખવાદમાં સંવાદિતા જન્માવે છે. વિવિધતામાં એકતા લાવે છે. સમાજમાં રહેલી વિવિધ વિકૃતિઓને નાબૂદ કરી સત્કૃતિઓ નિર્માણ કરે છે. દાનવો વિનાશ માટે દુષ્કૃતિ રચે છે, માનવ સ્વાર્થ  માટે વૃત્તિ રચે છે, જયારે આવા સાત્વિક સંતસાહિત્યમાંથી નિ:સ્વાર્થભાવે સંસ્કૃતિ રચે છે. આ શબ્દોની અને અનુભૂતિની તાકાત અને બળ છે સંતસાહિત્યમાં.

સંત સાહિત્ય એ સમાજનો આધારસ્તંભ છે. સંતોના જીવનદર્શનમાં જબદરસ્ત શકિત રહેલી છે. આપણા ધર્મશાસ્ત્રોમાં સંતમહાત્મયને સુંદર રીતે આલેખ્યું છે. તુલસીકૃત રામાયણમાં પણ સંતમહિમા પર કેવો સુંદર ઉલ્લેખ દ્રષ્ટિગોચર થાય છે !

"સાધુ ચરિત સુભ ચરિત કપાસુ, નિરસ બિસદ ગુનમય ફલ જાસુ,

જો સહિ દ:ખ પરછિદ્ર દુરાવા, બંદનીય જેહિ જગ જસ પાવા."

સજ્જનોના ચરિત્ર કપાસના ચરિત્ર જેવાં શુભ હોય છે. નિર્મળ હોય છે. જેઓના ફળ નીરસ, ઉજ્જવળ તથા ગુણમય હોય છે.

## સંત સાહિત્યની વિશેષતાઓ :-

ગુજરાતી સંત સાહિત્ય  વિશે આપણે એક દ્રષ્ટિપાત કરતાં જોવા મળશે કે મધ્યકાળમાં ભકિત આંદોલન સ્વરૂપે સંતસાહિત્ય અસ્તિત્વમાં આવ્યું. મધ્યકાળ પૂર્વે પણ જૈન અને જૈનેતર દ્વારા લખાયેલું સંતસાહિત્ય મળી આવે છે. આ ઉપરાંત પ્રાચીન ઈતિહાસ તપાસતાં આપણને એ ફલિત થાય છે કે વેદવ્યાસ, શંકરાચાર્ય જેવા આર્ષ મનીષીઓએ આપણને સંતસાહિત્ય દ્વારા મૂળભુત તથ્ય અને તત્વ સાંપડયું છે. ઈ.સ. ૧૨૧૦માં ધર્મસેનસૂરિએ રચેલી 'જમ્બૂસ્વામિચરિય' જેવું સાહિત્ય મળી આવે છે. આજના જમાનાની જેમ કોઈ મુદ્રણ કે સોશીયલ મીડીયા ન હતું તે વખતમાં  મુખ્યત્વે પદ્ય પ્રધાન અને કંઠોપકંઠ રીતે જળવાયેલું અને સચવાયેલું સાહિત્ય આપણને પ્રાપ્ત થાય છે જે સંતસાહિત્યની મોટી વિશેષતા અને વિપુલતા કહી શકાય. નરસિંહ મહેતા પૂર્વેના સાહિત્યમાં  જૈન મુનિઓ દ્વારા રચાયેલા ફાગુ કાવ્યોમાં પણ વૈરાગ્યબોધ તેનું અંતિમ લક્ષય છે. મધ્યકાળના રચનાકારો સંત, ભકત હોવાના પ્રમાણો વધારે સંખ્યામાં મળે છે. આ રચનાકારો કૃતિના અંતે પોતાના નામનો ઉલ્લેખ કરે છે જેમ કે, 'ભણે નરસૈયો', બાઈ મીરા કહે', 'કહે અખો', 'ભટ્ટ પ્રેમાનંદ', 'દયાના પ્રીતમ' આ રીતે પદ્યના અંતે પોતાની ઓળખ રજૂ કરતા પરંતુ આ કવિઓને કે સાહિત્યકારોને કવિપદનું અભિમાન લેશ સુધ્ધાં પણ ન હતું. ઘણીવાર એવું પણ બન્યું છે કે એક જ કૃતિ કે વિષયને લઈને બીજા અન્ય સંતસાહિત્યકારોએ પોતાની વાતને અલગ રીતે, અલગ અંદાજમાં, અલગ સ્વરૂપે વાત મૂકી છે, વહેતી કરી છે. તેમાં પણ ધર્મબોધ નિષ્પન્ન થાય છે. સુદામાચરિત્ર, દશમસ્કંધ, મામેરું આદિ રચનાઓ અનુગામી સર્જકો દ્વારા બીજી રચનાઓ પણ આપણને મળે છે.  છતાં પણ મૂળ વસ્તુમાં બાંધછોડ નથી કરી તેમ છતાં પણ કાવ્યતત્વનો હ્રાસ થતો નથી. મધ્યકાળનું સંતસાહિત્યકારોનું જીવન અને કવન બન્ને તત્કાલીન પ્રજાજીવનને માટે માર્ગદર્શક, આશ્વાસક અને જીવનપ્રેરક હતું. રાજકીય અશાંતિ, ધર્માન્તરણ અને અરાજકતાના વિષય કાળમાં મધ્યકાલીન સંતોએ સાહિત્યના માધ્યમ દ્વારા મૂલ્યવાન જીવનબોધ આપ્યો. ઈશ્વર પ્રત્યેની અતૂટ આસ્થાના દર્શન થાય છે. નરસિંહ મહેતાથી લઈને દયારામ સુધીનો સમયગાળો ભકિત પ્રધાન બની રહયો. સાહિત્યના મૂળ અને કુળ આ કાળમાંથી ઉદ્ભવ્યા. પરંતુ આદિ અનાદિ કાળથી સત્યને ખાળવા મથતો માણસ આજદિન સુધી ગૂઢ રહસ્યમય સૃષ્ટિને ઉકેલી શકયો નથી અને એટલે જ વિધ વિધ સર્જકો દ્વારા આત્મમંથનની ખોજ અર્થે, અકળ રહસ્યોને ઉકેલવા માટે આજદિન સુધી મથામણ કરતો જોવા મળે છે. અર્વાચીનકાળમાં પણ સંતસાહિત્યએ જીવનના મર્મને સમજાવવા માટે અનેક પ્રયાસો કરે છે. જીવન શું છે? મરણ શું છે? આત્મા શું  છે? જન્મ કઈ રીતે થાય છે? જીવન-મરણનો ફેરો શું છે? અનેક પ્રાણીઓ અને પક્ષીઓ કરતાં માનવ દેહ શા માટે  જુદો છે? ઈશ્વર શું છે? આવા અનેક તત્વદર્શન આપણી સામે રાખવાનો પ્રયાસ કરે છે.

http://vidyajournal.org

VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

વિચાર અને આચારમાં ભેદ ન હતો. તેઓ શુધ્ધ ચરિત્રના માલિક હતા. સામાજિક ધાર્મિક ભેદભાવથી પર હતા. હંમેશા ભકિત કાર્યમાં લીન રહેતા. નિ:સ્વાર્થ અને પરોપકારી હતા. દરેક ધર્મસંપ્રદાયને માન આપતા. સારા વિચારોને સ્વીકારતા. આ તેમની વિશેષતાઓ નજરે ચડે છે.

## સામાજિક સમરસતામાં સંત સાહિત્યનુ પ્રદાન :-

અગાઉ આપણે જોયું તેમ સંત સાહિત્ય દ્વારા આપણને જીવન જીવવાની શીખ મળે છે. તેમના સાહિત્યમાંથી રહસ્યાત્મક ઉકેલો મળે છે. ભારત દેશ આધ્યાત્િમક ભાવના ધરાવતો દેશ છે. તેમજ બહુવિધ ધર્મોથી ઉભરાતો દેશ છે. આ દેશમાં મહાન સંતો, વિચારકો અને અધ્યાત્મમાર્ગના પ્રવાસીઓ યુગે યુગે નવતર કાર્ય કર્યું છે. સંતોની ફિલોસોફી અને સામાન્ય માણસની ફીલોસોફી વચ્ચે તાત્વિક ભેદ એ રહયો છે કે, સંતો જીવનનું મર્મ સમજી જાણી અને અનુભવીને બેઠા છે. જયારે સામાન્ય માણસ મોહ, માયા ને વળગી રહયા છે. સામાન્ય વ્યકિતઓ ક્ષણભંગુર જીવનના મહત્વને, તત્વને ખાળી નથી શકતા.

પ્રાચીન ઈતિહાસમાં એક નજર નાંખીએ તો સંતસાહિત્યમાંથી આપણને વિશ્વામિત્રને યાદ કરવા પડે તેઓ ગાયત્રી મંત્રને જાણતા હતા. એ અમ્માસુ રાજવંશના રાજા કૌશિક હતા. એવું કહેવાય છે કે

ઈન્દ્ર અને બ્રહ્માએ તેમનું પરીક્ષણ કર્યું હતું. અને આજે પણ તેઓ સૌથી વધુ આદરણીય સંતો પૈકી ગણના થાય છે. આ ઉપરાંત વશિષ્ઠ ઋષિ એ ઋગવેદના મંડલા સાતની રચના કરનાર વૈદિક સંત હતા. તેમના ઉપદેશો અને જ્ઞાન માટે લોકપ્રિય છે. આ ઉપરાંત વાલ્મીકિ જેવા સંતોએ રામાયણ લખેલું છે. જે સંત સાહિત્યના ઈતિહાસમાં આજે પણ અમર છે. તુલસીદાસ જેવા સંતો એ રામચરિત્રમાનસ રચેલ. તે ભૌતિક વિશ્વને ત્યાગ કરે છે. પતંજલિએ ૧૯૬ જેટલા યોગસૂત્રો આપ્યા હતા. જે યોગના મૂળભુત સિધ્ધાંતો છે. વેદવ્યાસે મહાભારત ગ્રંથ લખ્યો. આ ઉપરાંત સંતસાહિત્ય વિશે વાત કરવી હોય તો રૈદાસે નિર્ગુણ ભકિતથી સત્ય અને ધર્મના માર્ગ પર ચાલવાની પ્રેરણા પ્રદાન કરી હતી. 'મન ચંગા તો કથરોટ મેં ગંગા' મન પવિત્ર અને પ્રસન્ન હોય તો ઘરની કથરોટમાં ભરેલું જળ પણ ગંગા જળ જેવું પવિત્ર અને નિર્મળ બની જાય છે. સંત રૈદાસજી તેમના દોહામાં કહે છે:

*હરિ સા હીરા છાડ કૈ, કરે આન કી આસ,*

*તે નર જમપુર જાહિંગે, સંત ભાષે રવિદાસ.*

હરિ જેવો મહામૂલ્યવાન હીરો છોડીને જે અન્ય લૌકિક, મૂલ્યહીન વસ્તુઓની આશા રાખે છે તે મરણબાદ યમપુરીમાં જ યમયાતના જ ભોગવે છે. સંત સાહિત્યમાંથી આપણને ગુરુમહિમા, ઉપદેશ, બોધ, ચેતવણી, આગમવાણીઓ, યોગની અનુભૂતિ, મનની મૂંઝવણ, ગૂઢ અને અલૌકિક રહસ્ય આ બધું એકી સાથે પ્રાપ્ત થાય છે. પ્રાચીન સમયમાં આજના જેવી ભૌતિક સુખ સગવડો કે આધુનિક ઉપકરણો ન હતાં જેથી કયાં સમય ગાળવો, શું કરવું એની મથામણો ચાલતી હશે. પરંતુ તે સમયમાં પણ અચરજ પમાડે તેવું વિશ્વ પણ હતું જ જેથી એ અચરજને ઓળખવા માટે અને સૃષ્ટિનું રહસ્ય જાણવા માટે સાહિત્યમાં આરાધના, ભકિત થકી કુદરતી ઉપકારોને કૃતજ્ઞતા સ્વરૂપે સહજતાથી પ્રજ્ઞાવાણી કે છઠ્ઠી ઈન્દ્રીયથી ભાવવંદના કે સ્તુતિ કરવાનો નમ્ર પ્રયાસ કર્યો હશે.

આપણે ત્યાં નિર્ગુણ નિરાકાર બ્રહ્મની ઉપાસના અને સગુણ સાકાર બ્રહ્મની આરાધના આ બંન્ને માર્ગોના પ્રવાહો સાંપડયા છે.

શ્રી નિરંજન રાજયુગરૂએ 'સૌરાષ્ટ્રનું સંત સાહિત્ય' નામક પુસ્તકમાં લખે છે કે, સંત-સાહિત્ય તરીકે જયારે આપણે એને વર્ગીકૃત કરવા પ્રયાસ કરીએ ત્યારે એમાં સાખી, સંધ્યા, માળા, ગણપતિ, ગુરુમહિમા, આરતી, થાળ, આરાધ, આગમ, રવેણી, અવળવાણી, ચેતવણી, સંદેશો, પત્ર, અરજ,સાવળ, હેલો, હેલી, સંવાદ, પ્રશ્નોત્તરી, પરજ, રામગરી, પ્રભાતી, પ્રભાતિયાં, હૂંડી, હાલરડું, નરવેલ, રૂપાવેલ,હિમાળો, ધરમધડો, વિવાહ, આખ્યાન, છપ્પા, ચાબખા, કાફી, ધડુસલો, ધોળ, લાવણી, ગીતા, અંગ, તિથિ, વાર,મહિના, કક્કો, ગરબી, કીર્તન, પદ, સોળ, સરવડાં, ચતુરા, છગોલા, ચોઘડિયાં અને

http://vidyajournal.org

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

રૂપક પ્રકારના ભજન સાહિત્યમાં પ્યાલો, કટારી, આંબો, વિવાહ, ચુંદડી,પટોળી, મોરલી, બંસરી, ઝાલરી, ખંજરી, જંતરી, જંતર, તંબૂરો, સિતાર, રેંટિયો, ચરખો, સાંતીડું, બંગલો, ભમરો, મોરલો, નીસરણી, હાટડી, વણઝારો એમ અનેકવિધ રૂપકો દ્વારા રચાયેલાં જોવા મળે છે. સંતોની વાણી એ પંડના અનુભવમાંથી પાંગરેલા શબ્દોની સાધના છે.

*કબીર કૂવા એક હૈ, પનિહારી હૈ અનેક;*

*બરતન ન્યારે ન્યારે ભયે, પાની સબમેં એક.*

સંતોની આ વાણી પરાવાણી છે. તમામ ધર્મોનો નાદ અને સાદ બંને એક જ છે. પરતું તેમની ઉપાસના જુદી જુદી છે પણ માર્ગ એક જ છે. સંત સાહિત્યના મરમી, સંશોધક અને આરાધક, ભજનિક એવા શ્રી નિરંજનભાઈ રાજ્યગુરુએ તો 'સૌરાષ્ટ્રનું સંત સાહિત્ય' પુસ્તકમાં ૩૫૬ જેટલા સંતસાહિત્યકારો, ભક્તો અને કવિઓની યાદી કક્કા બારાખડી પ્રમાણે મૂકી આપેલ છે. આટલું ઝીણવટભર્યું કામ કરવું ખુબ મુશ્કેલ જ નહિ દુષ્કર પણ છે.

પંદરમાં શતકમાં નરસિંહ મહેતા, નાકર, કેશવદાસ, વિષ્ણુદાસ, નરપતિ, ગણપતિ આદિ કવિઓએ સંતસાહિત્યક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કર્યું છે. નરસિંહ તો આજના દિવસે દરકે ઘરોમાં એટલો જ શાશ્વત અને ચિરંજીવ છે જેમની વાણી આજદિન સુધી ભૂલાણી નથી.

- રાત રહે જાહરે, પાછલી ખટ ઘડી, સાધુ પુરુષને સૂઈ ન રહેવું;
- ભૂતળ ભક્તિ પદારથ મોટું,બ્રહ્મલોકમાં નાહીં રે;
- વારી જાઉં સુંદર શ્યામ તમારા લટકાને
- જાગીને જોઉં તો જગત દિશે નહિ, ઊંઘમાં અટપટા ભોગ ભાસે.
- અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરી, જૂજવે રૂપે અનંત ભાસે.
- પઢો રે પોપટ રાજા રામના
- વૈષ્ણવ જાન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે
- પ્રેમ રસ પાને તું મોરના પિચ્છ ધર તત્વનું ટુંપણું તુચ્છ લાગે.

આવા અનેક ગૂઢ રહસ્યોથી ભરેલું તત્વજ્ઞાન આપણને મહેતાજી સરળ તેમજ સહજ બાનીમાં વ્યક્ત કરે છે. સોળમાં શતકમાં મીરાંબાઈએ સાહિત્ય જે આપ્યું તેમાં ઘણી બધી રચનાઓ આપી તેમાંની થોડીક અહીં મૂકું છું.

- મુખડાની માયા લાગી રે..
- ઝેર તો પીધાં છે જાણી જાણી...
- કાનુડો ન જાણે મારી પ્રીત..
- રામ રમકડું જડિયું....
- હાં રે કોઈ માધવ લ્યો... જેવા ૨૫૦ થી વધુ ઊર્મિગીતો લખીને મીરાંબાઈ સંતસાહિત્ય ક્ષેત્રે અદકેરી ભૂમિકા ભજવી છે.

અખાએ પણ ઘણા છપ્પા દ્વારા માનવને ઉજાગર કરવાનો મહત્તમ ફાળો આપ્યો છે. ગુજરાતી કવિતામાં પોતાની અનોખી મુદ્રા ઉભી કરી છે ભક્તિમાર્ગી કવિતાના ધસમસતા પ્રવાહ વચ્ચે અખો જ્ઞાનમાર્ગનું વહેણ બનીને આવ્યો. એ ધર્મનો વિરોધી નહોતો, પણ ધર્મમાં પેઠેલા સડા અને આડંબર સામે એનો આક્રોશ હતો. એણે આ સંદર્ભે સમાજમાં જાગૃતિ આણવા કલમ ઉપાડી. અખો આધ્યાત્મ્ય માર્ગનો પ્રવાસી હતો. ઉપનિષદોના ચિંતન મનનથી એની પ્રજ્ઞા સમૃદ્ધ હતી.તેમના પણ થોડા છપ્પા જોઈએ

- તિલક કરતાં ત્રેપન વહ્યાં, જપમાળાનાં નાકાં ગયાં
- એક મુરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ

આ ઉપરાંત ગંગાસતીના ભજનો પણ સંત સાહિત્યમાં ખૂબ મહત્વનો ભાગ ભજવે છે. તેમને પણ આધ્યાત્મિકની ઉચાઇ સિદ્ધ કરી છે.

http://vidyajournal.org

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

- મેરુ તો ડગે પણ જેના મનનો ડગે નહિ પાનબાઈ
- હરખ ને શોકની આવે નહિ હેડકી ને , જેણે શીશ તો કર્યા કુરબાન રે.
- શીલવંત સાધુને વારે વારે નમીએ પાનબાઈ, જેના બદલે નહિ વ્રતમાન રે
- ભકિત રે કરવી એણે રાંક થઈને રે'વું પાનબાઈ !

બ્રહ્માનંદ સ્વામીએ પણ ઘણા પદો રચ્યા છે. જેમાં મુખ્યત્વે

- આ તનરંગ પતંગ સરીખો, જાતાં વાર ન લાગે જી
- અધમ ઉધ્ધારણ અવિનાશી તારા, બિરુદની બલિહારી રે
- ઉત્સવની પ્યારી કેશવની, આજ એકાદશી ઉચ્છવની
- જમો જમોને મારા જીવન જુગતે,ભોજનીયાં રસ ભરિયાં રે

આમ મધ્યકાળમાં તો અનેક સંત ભક્ત કવિઓએ પોતાનું આખું જીવન આધ્યાત્મિક માર્ગે ન્યોછાવર કરી દીધું છે. એમાં તો કેટકેટલાના નામો દર્શાવી શકાય. સ્ત્રી સાહિત્યકારો પણ આપણને મળે છે. જેમાં ખીમ સાહેબ, જીવણદાસ, તિલકદાસજી, દેવાયત પંડિત, બ્રહ્માનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, પાનબાઈ, રોહીદાસ, ભોજા ભગત, લીરલબાઈ, પ્રેમાનંદ સ્વામી, પ્રીતમ, દયારામ, કબીર, જેસલ તોરલ, રૂપાંદે-માલદે, છોટમ વિગેરે જેવા લગભગ ૧૫૦ થી વધારે સંત સાહિત્ય મળી આવે છે. જેમાં ઘણા પંથો અને સંપ્રદાયો પણ મહત્વ ધરાવે છે. આ પંથ અને સંપ્રદાયોમાં નાથપંથી, રામાનંદ, વલ્લભાચાર્યજી, બૌદ્ધસંતો, સ્વામીનારાયણના સંતો, કબીરપંથી જેવાઓએ ઘણું સાહિત્ય પીરસ્યું છે.

અર્વાચીનકાળમાં આવતાની સાથે જ આપણને મેઘાણીએ ‘સોરઠી સંત વાણી’, બળવંત જાનીએ 'સંતવાણી : તત્વ અને તંત્ર', ડો. રાજેન્દ્રસિંહ રાયજાદાએ 'સંત પરંપરાવિમર્શ', 'દર્શન અને ઈતિહાસ' તેમજ 'ભજન : મરમનો મારગ' મળે છે. મકરંદ દવે પાસેથી 'ભજનરસ', ડો. નાથાલાલ ગોહિલ પાસેથી 'ગુજરાતમાં નાથપંથી સાધના અને સાહિત્ય', 'સંતસાહિત્ય : સંશોધન અને સમીક્ષા', 'ભજન રૂપદર્શન', 'ભજનસાગરના મોતી' પ્રાપ્ત થાય છે. શ્રી નિરંજન રાજયગુરૂ પાસેથી 'ગુજરાતી સંતસાહિત્ય : ભજનવાણી' મળી આવે છે. આમ સંત સાહિત્ય વિપુલ પ્રમાણમાં જળવાયેલું, નવું નવું સંશોધિત થતું અને હજુ પણ તેને નવોદિત સાહિત્યકારો દ્વારા આ સાહિત્યને ઉકેલવાની મથામણ કરતો આવ્યો છે. જેના પરિપાક રૂપે અમૂલ્ય અને અગણિત સાહિત્ય મળી આવ્યું છે.

## સમાપન:-

અંતમાં એટલું કહી શકાય કે ભારતીય સમાજ નિરક્ષર હોવા છતાં અભણ નથી અને ગરીબીમાં સબડવા છતાં આ સમાજે પોતાનું ગૌરવ અને પોતાની ગુણવત્તા ગુમાવ્યાં નથી. ગુજરાતના સંતસાહિત્યે અખિલ ભારતીય વિચારધારાનો તેમ જ અન્ય પ્રદેશોમાં વિકસેલાં સંતસાહિત્યનો અમોલ વારસો મેળવ્યો છે અને પોતાની વિશિષ્ટ પરંપરામાં આત્મસાત કરી લીધો છે. આવા સમન્વયમાંથી ગુજરાતની અનોખી અને ભાતીગળ સાહિત્યપરંપરા વિકસી છે. સંતસાહિત્ય મુખ્યત્વે ભક્તિ સાહિત્ય છે. પાનબાઇ, નરસિંહમહેતા, અખા જેવા સર્જકોએ જ્ઞાનપ્રધાન તત્વચર્ચાઓ કરી છે, પણ છેવટે તો નરસિંહ મહેતાની ભાષામાં કહીએ તો- ***“પ્રેમરસ પાને તું મોરના પિચ્છ ધર તત્વનું ટૂંપણું તુચ્છ લાગે.”*** સંતસાહિત્યમાં તત્વ નિરૂપણ છે, પ્રસંગોપાત્ત ઉપનિષદો, દર્શનગ્રંથો જેવા જ્ઞાન ગ્રંથોની છણાવટ પણ થઇ છે, પણ ભક્તિસાધનાએ ગુજરાતી સંતસાહિત્યનો આખરી અને સર્વગ્રાહી ઉદ્દેશ છે, તેમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. જ્ઞાન સિદ્ધાંતોનું મર્મવેધી વિશ્લેષણ કરવામાં, તત્વસિદ્ધાંતોની રજૂઆતમાં, માનવીના ભાવજગતની ઊંચાઇ અને ઊંડાઇ માપી લેવામાં સંતસાહિત્યની તોલે મૂકી શકાય તેવી અભિવ્યક્તિ બીજે ક્યાય જડતી નથી.

સંત સાહિત્ય અતિશય સરળ, ચોટદાર, તળપદી ભાષામાં લખાયું છે. સ્વાનુભવમાંથી, ઊંડી અનુભૂતિ પછી જે કંઇ લખાય તે બધું હૃદયમાંથી સીધે સીધું જ પ્રગટ થાય છે અને આવાં લખાણની ભાષા હરહંમેશ અને તમામ સ્થળે અતિશય સરળ જ હોય છે. પરંતુ તેમને ઉકેલવી ગૂઢ છે. જે સાત્વિક સંતોના મેળાપ વિના શક્ય નથી. સંતોએ વિચારપૂર્વક, હેતુ સાધવા

http://vidyajournal.org

VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

માટે જાણી-બૂઝીને કરેલી ગોઠવણ અનુસાર લખ્યું નથી, પણ તેમનાથી કહેવાય કે લખાઇ ગયું છે. તેમનાથી રહેવાયું નથી તેથી તેમણે લખવું કે ગાવું પડ્યું છે. નહેરના કાંઠા બાંધી શકાય છે, પણ આત્માનુભૂતિ તો ધસમસતાં પૂર જેવી હોય છે, જે કાંઠાને પણ તોડી નાખે એવી ક્ષમતા હોય છે.

સાહિત્યકારો, લેખકો, કવિઓ સમાજજીવન માટે સતત ચિંતિત, વ્યથિત, વિચારમગ્ન અને ક્રિયાશીલ રહેતા હોય છે. સમાજ ઉન્નત બને, શ્રીભર બને, સુશીલ બને, સદાચારી અને સદ્ભાવી બને, ચારિત્ર્ય સંપન્ન બને, મૂલ્યનિષ્ઠ બને તથા સેવાભાવી બને તે માટે સાહિત્યકારો પોતાનું સ્વત્વ ભૂલીને સાહિત્યભાથું સમાજને સમર્પિત કરે છે. તે ભાથું સમાજપરિવર્તનનું અમૃતતત્વ છે. તેઓ સંસારના દુષિત તત્વો તથા કલેશકંકાસમય વાતાવરણને ગાળી નાંખી સમાજને સદ્દર્શન કરાવે છે. વિજ્ઞાન ગમે તેટલું આગળ આવશે, અનેક નૂતન શોધ થશે પરંતુ આ અગોચર વિશ્વને ખાળવામાં હમેશા ઊણો જ ઉતરશે.

અહી મારા લેખમાં પ્રસ્તુત વિષયમાં ગાગરમાં સાગર સમાવવા જેવું કામ કર્યું છે. કેમ કે આ સાહિત્યનો જોટો જડે તેમ નથી. હજુ પણ ઘણું સમાવી શકાય પરંતુ શબ્દની મર્યાદામાં કામ કરવાનું હોવાથી માત્ર થોડી સમજૂતી મેળવવાનો પ્રયાસ હાથ ધર્યો છે. આ વિષય અગાધ અને અજ્ઞેય છે.

## સંદર્ભ :-

1. ગુજરાતી સંતસાહિત્ય : ભજનવાણી, ડૉ નિરંજન રાજ્યગુરુ, પ્રવીણ પ્રકાશન, પ્ર.આ. ૨૦૨૧
2. અગમ દેશનો પથિક : નાથાલાલ ગોહિલ, સંપાદકો. ડૉ મનોજ રાવલ, ડૉ રમેશ સગઠીયા, ડૉ જીવરાજ પારઘી, એકલવ્ય પ્રકાશન. પ્ર.આ. ૨૦૧૭
3. શબ્દસૃષ્ટિ વિશેષાંક, ફેબ્રુઆરી ૨૦૧૭, અંક ૨, સળંગ અંક ૪૦૧, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર

http://vidyajournal.org